# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૩/૦૩/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **સુરત ભાજપના "તાપી શુદ્ધિકરણ" મહાઅભિયાનને મળી રહેલો પ્રચંડ જનપ્રતિસાદ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સુરતની જીવાદોરી સમાન લોકમાતા તાપી નદિના શુદ્ધિકરણ અર્થે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાની હાકલને પ્રચંડ જનપ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ અંગે આજરોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે મળેલી બૃહદ શહેર કારોબારીની બેઠકમાં ભાજપના પ્રદેશ મહામંત્રી અને સુરત જીલ્લાના પ્રભારી શ્રી ભરતસિંહજી પરમાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજન અંગે માહિતી આપતા સુરત શહેર ભાજપના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલે જણાવ્યું હતું કે આગામી તા. ૨૫/૦૩/૨૦૧૮ને રામનવમીના શુભ દિવસથી તા. ૦૬/૦૪/૨૦૧૮ ભાજપના સ્થાપના દિવસ સુધી સુરત શહેર ભાજપના હજારો કાર્યકર્તાઓ તાપી સફાઈ અભિયાનમાં જોડાશે. આ ઉપરાંત સૌથી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના સભ્યો સાથે તાપી સફાઈ અભિયાનમાં જોડાવાની ઘોષણા કરી ચૂકી છે. વધુને વધુ સંસ્થાઓ દ્વારા મીટીંગોનો દોર ચાલી રહ્યો છે.

તા. ૨૫/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૮=૦૦ કલાકે ભગવાન રામચંદ્રજી અને તાપી માતાના પૂજન સાથે તાપી સફાઈની શરૂઆત કરવામાં આવશે. શહેરમાં ભાજપના કાર્યકર્તાઓ સિંગણપોર કોઝવે કમ વિયર, કતારગામ વોટર વર્ક્સ, વરાછા વોટર વર્ક્સ, સરથાણા વોટર વર્ક્સ, રાંદેર ઈન્ટેકવેલ એમ પાંચ સ્થળોએ સફાઈ અભિયાન શરૂ કરશે. શહેરના વિવિધ વોર્ડના કાર્યકર્તાઓ સવાર અને બપોરના સેશનમાં તાપી સફાઈ કામમાં જોડાશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ તાપી સફાઈ કરવામાં આવે છે. પરંતુ આ કાર્ય વધુ અસરકારક અને પરીણામલક્ષી બને તે માટે ભાજપના હજારો કાર્યકર્તાઓ આ અભિયાનમાં જોડાશે. કાર્યકર્તાઓને હોડી, તરવૈયા, અન્ય સાધનો તથા સુરક્ષા વ્યવસ્થા અંગે માર્ગદર્શન અને સમજ આપવામાં આવી હતી.

સુરત ભાજપના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ કાર્યકર્તાઓના પ્રસિદ્ધિની ખેવના કર્યા વિના માત્ર કામે લાગવા હાકલ કરી હતી. પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે પણ તાપી શુદ્ધિકરણના આ અભિયાનને સુરત પ્રત્યેનું ૠણ અદા કરવાનો એક પ્રયાસ ગણાવ્યો હતો અને વધુ ને વધુ સુરતવાસીઓને આ અભિયાનમાં જોડાવા આહ્‌વાન કર્યુ હતું.